સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
99789-26251

સલામી સવારની..

દોસ્ત ! તું પણ 'દસ વર્ષ' ની મુદ્દત કરી નાખ
પીંગ-પુતિન : 'તું પણ દેશનું ભલું કરી નાખ'
કરી નાખ તિજોરીમાં પણ 'સ્વચ્છતા અભિયાન'
મતદારને 'કમળપૂજા' કરતા કરી નાખ !
(નજીકના મિત્રોની સલાહ!)

હાઈકુ

ઈવીએમ ને
સામ, દામ, દંડથી
જ ભેદી નાખ!

દબોચી પક્ષો
દેશને કરી નાખો -
ચૂંટણી મુક્ત

ચિંતન

સંપદિ યસ્ય ન હર્ષો વિપદિ વિષાદો રણે ચ ધીરત્વમ્ ।
તં ભુવનત્રયતિલકં જનયતિ જનની સુતં વિરલમ્ ॥

ઉપરોક્ત શ્લોક સંસ્કૃત ડીવાઈન સુભાષિત સંગ્રહમાંથી લેવામાં આવેલ છે.

જેને સંપત્તિ વખતે હર્ષ નથી, વિપત્તિ વખતે ખેદ નથી, અને રણમાં ધીરજ છે, તે સજ્જન પુરુષ ત્રણે ભુવનોના તિલકરૂપે છે, કો'ક જ માતા એવા વિરલ પુત્રને જન્મ આપે છે.

સુખ-દુઃખ, તંદુરસ્તી - પીડા, સંપત્તિ - વિપત્તિ એ કર્માનુસાર આવ્યા કરે છે માનવી એ, એ ઈશ્વરી કૃપા સમજી જીવનમાં તટસ્થ રહેવું સુખમાં છક્કી ન જવું દુઃખમાં હબકી ન જવું, જીવનમાં વિવેકથી રહેવું એ જ સાચા સજ્જન-સંતનું કાર્ય છે.

સુવિચાર

- તમારું જીવન કિંમતી છે, એને પસ્તાવામાં ના વિતાવો, એવું કંઈક કરો કે જે તમને છોડીને ગયા છે એ પસ્તાય - **સ્નેહા પટેલ**
- જે પોતાની જાત સાથે ના સંઘર્ષમાં વિજયી બને છે તે બહારનાં પરિબળો સામે ઓછો પરાજિત થાય છે - **કૃષ્ણકાંત ઉનડકટ**
- ઓળખ મેળવવાનો સૌથી સરળ માર્ગ એ છે કે આપણે 'આપણા' જેવા બનીએ - **મુંબઈ સમાચાર**
- જે નોટબુક ને બધા વિષય સંભાળવાની જવાબદારી હોય તે લગભગ રફ બુક બની જાય છે, જવાબદાર વ્યક્તિની હાલત પણ કંઈક આવી જ હોય છે - **એસ. ભટ્ટાચાર્ય**
- ઝડપ અને ઉતાવળમાં ફરક છે, ધીરજપૂર્વક અધીરા રહેતા આવડે એ ઝડપથી મંઝીલે પહોંચે છે - **બોધિવૃક્ષ**
- સપનાં પૂરા થવા સુધીની દરેક ક્ષણને માણો તો દરેક ક્ષણ સજીવન અને ધબકતી લાગશે - **સ્ટીફન કોવી**
- આજનું ઔષધ : અર્જુન છાલ ચૂર્ણમાં સમભાગે જેઠી મધનું ચૂર્ણ લઈ ઘીમાં ભેળવી ખાવાથી જીર્ણ તાવ મટે છે તથા હૃદય મજબૂત બને છે.

(સંકલન : દીપક વી. આશરા)

બોધકથા

મગધ સમ્રાટ કુમાર ગુપ્તને જાસૂસોએ જણાવ્યું કે સાવધાન રહેજો હુણોની સેના હિમાલય પાર કરીને તમારા ઉપર હુમલો કરવા આવી રહી છે. સમ્રાટ તો ગભરાઈ ગયા એવામાં સ્કંદગુપ્ત કે જે સમ્રાટના યુવાન પુત્ર હતા તેમણે કહ્યું, 'પિતાજી, એમને આવવા દો, હું પણ યુદ્ધમાં આપણા સૈન્ય સાથે જઈશ અને આપણા રાજયનું રક્ષણ કરીશ.'

યુવરાજનો જોમ-જુસ્સો જોઈ સ્કંદગુપ્તે કહ્યું, 'યુવરાજ આ હુણ લોકો ખૂબ ક્રૂર હોય છે અને એમની સાથે યુદ્ધ કરવા હિમાલય પાર કરવો પડશે જે સરળ નથી.' સ્કંદ ગુપ્તે જવાબમાં કહ્યું, 'પિતાજી, બેઠા બેઠા મરી જવું સહેલું છે પણ હું તેમને હરાવીને જ કહીશ આ મારો નિર્ણય છે.'

મગધના હજારો સૈનિકોને લઈ ને યુવરાજ સ્કંદગુપ્ત નીકળી ગયો. દૃઢ નિશ્ચય ને કારણે મુશ્કેલીઓ પડવા છતાં હિમાલય પાર કરી હુણો સૈન્યની નજીક પહોંચી ગયા. હુણ સૈન્યને એમ હતું કે હિમાલય પાર કરીને મગધની સેના કોઈ હુમલો નહીં કરે. પણ યુદ્ધ ખેલાયું અને ક્રૂર ગણાતા હુણોની હિંમત મગધ સેના સામે ટકી ન શકી. એમની સેનામાં નાસભાગ શરુ ગઈ. અને હુણો ને પીછેહટ કરવી પડી.

યુવરાજ સ્કંદગુપ્ત મગધ પરત ફર્યા ત્યારે પિતાએ હર્ષભેર કહ્યું, 'આજે તે સાબિત કરી દીધું છે કે પોતાના જાત પર વિશ્વાસ હોય તો પર્વત પણ નાના થઈ જતા હોય છે.'

વિદેશમંત્રીનો સધિયારો ખોટો પડ્યો

તંત્રીસ્થાનેથી...

નરેન્દ્ર મોદી સાથે પોતાને સિનિયોરિટીના દાવે વડાપ્રધાન પદની રેસમાં ગણનારાં સુષમા સ્વરાજ મહત્ત્વાકાંક્ષાના મુદ્દે મોદીને પણ ટપી જાય એવાં છે. આથી જયારે બે સર્વોચ્ચ નેતાઓ - લાલકૃષ્ણ આડવાણી અને મુરલી મનોહર જોષીને પદના નામે મૌન ધારણ કરી દીધું હતું ત્યારે સુષમાજી પદ મેળવવા અને તે પણ પોતાની ગરિમાને અનુકૂળ એવું પ્રથમ ચાર પૈકીનું મંત્રાલય પ્રાપ્ત કરવા આસમાન - જમીનનું જોર લગાવી રહ્યાં હતા. વડાપ્રધાને મને-કમને એમને વિદેશ મંત્રાલય આપ્યું તો ખરું પણ તે પછીનો ઈતિહાસ જાણીતો છે. વિદેશ પ્રવાસના શોખીન વડાપ્રધાન જાતે જ વિદેશખાતું સંભાળતા હોય એવો સિનારિયો સરજીને એમને માનસિક પ્રતિસ્પર્ધી મહિલા વિદેશમંત્રીને કદ મુજબ વેતરી નાખ્યાં છે. જો કે સુષમા સ્વરાજે પોતાની આગવી ઈમેજ ઊભી કરવા પ્રબળ પુરુષાર્થ કર્યો છે અને કેટલીક બાબતોમાં ઐતિહાસિક કહી શકાય એવી સફલતા પણ પ્રાપ્ત કરી છે. દાખલા તરીકે એમણે ફસાયેલા ભારતીયોને ઈરાક અને સિરિયામાંથી ભારત લાવવામાં ઘણો પરસેવો પાડ્યો હતો. એ જ રીતે પાકિસ્તાનમાં જેલવાસ ભોગવતા ભારતીય નાગરિકો અને વિશેષ તો જેમને મોતની સજા ફરમાવાયેલી એવા કહેવાતા જાસૂસોના છુટકારા માટે અને એમની સજા હળવી કરવા માટે કરેલી કામગીરી કાબિલેદાદ છે. પરંતુ ઈસ્લામિક સ્ટેટ દ્વારા મોસુલ પર કબજો જમાવ્યા બાદ જે ૩૯ ભારતીય મજૂરોનું અપહરણ કર્યું હતું તેમને બચાવી લેવા માટે ભારત સરકાર કૃતસંકલ્પ હોવાનો સધિયારો આપી સુષમા સ્વરાજે પોતાની અને ભાજપ સરકારની વાહવાહી મેળવવાનો પ્રયાસ કર્યો તેનો ત્રણ વર્ષ પછી પર્દાફાશ થયો છે. એ મજૂરો સાથે જ પકડાયેલ હરજિતસિંહે પોતે બાંગ્લાદેશી મુસ્લિમ હોવાનું જણાવી 'આઈ.એસ.'ના સકંજામાંથી છૂટકારો મેળવી લીધો હતો. હરજીતે એના પકડાયેલા સાથીઓને ગોળીએ દેવાયાની માહિતી આપી હતી, સુષમા સ્વરાજે એની વાત માની ન હતી અને ઈરાક સરકાર સાથે આ બંધક બનાવાયેલ ભારતીય મજૂરોને શોધી કાઢી છોડાવી લાવવાનો સધિયારો આપ્યે રાખ્યો હતો. મજૂરોના કુટુંબીજનો પણ વિદેશમંત્રીના આશ્વાસનને આધારે સ્વજનોના પરત ફરવાની રાહ જોતા હતા. આખરે સત્ય છાપરે ચડીને પોકારતું હોય છે - તે ન્યાયે ઈરાકના પ્રમુખ દ્વારા આ મજૂરોના મૃતદેહો મળી આવ્યા હોવાની જાણ કરી છે. ડીએનએ ટેસ્ટ મુજબ ૩૮ મૃતદેહો ઓળખાયા પણ છે. આઈએસના ક્રૂર સૈનિકોએ ચલાવેલી કત્લેઆમની હરજિતસિંહે આપેલી માહિતીને અનધિકૃત ગણી નકારી કાઢનારાં સુષમા સ્વરાજે પોતે ઉતાવળે આ માહિતી રાજયસભામાં તથા લોકસભામાં આપી એનું પણ શ્રેય લેવાનો પ્રયાસ કર્યો છે. 'ઈરાક અસોસિયેશન' નામની સ્વૈચ્છિક સંસ્થા શહિદો માટે કામ કરતી હોઈ એણે પત્રકાર પરિષદ કરી આ માહિતી આપવાનું નક્કી કરેલું પરંતુ વિદેશમંત્રીએ એ પહેલાં જાતે જ આ કાળોતરી સંસદનાં બેઉ ગૃહો સમક્ષ રજૂ કરી દીધી. વિદેશ મંત્રાલયમાં સુષમા સ્વરાજનાં કામ વખણાતું રહ્યું છે, પરંતુ જે રીતે એમણે આ મુદ્દે ઢાંકપિછોડો કરી શહીદ મજૂરોના પરિવારનો ખોટી આશા બંધાવ્યે રાખી તેથી એમની ઈમેજને ઘસારો તો જરૂર પહોંચ્યો છે.

એલર્જી : આટલું જાણવું જરૂરી છે

પહેલું સુખ તે જાતે નર્યા
ડૉ. કેદાર ઉપાધ્યાય

અત્યારે વસંતઋતુ ચાલી રહી છે. વસંત એટલે આમ તો શિયાળા અને ઉનાળાની મિશ્ર ઋતુ. જયારે મિશ્ર ઋતુ આવે અથવા તો આયુર્વેદ મુજબ ઋતુ સંધી કાળ આવે ત્યારે વ્યાધિઓ થવાની સંભાવનાઓ વધુ પ્રબળ બને. આ સમયગાળા દરમિયાન એક રોગ બહુ અકળાવે છે અને એ છે એલર્જી.

એલર્જી એટલે શું?

એક રીતે જોઈએ તો એલર્જી એ શરીરનો રિસ્પોન્સ છે. જો કોઈ વ્યક્તિ કોઈ એવા પદાર્થ કે વસ્તુ પ્રત્યે સંવેદનશીલ હોય અને તેના સંસર્ગમાં આવે તો તેના પરિણામસ્વરૂપે શરીર જે રિસ્પોન્સ આપે તેને આપણે એલર્જી કહી શકીએ. જેમકે કોઈને ધૂળ (dust) પ્રત્યે એલર્જી છે અને તે ધૂળના સંપર્કમાં આવે તો તેને તરત છીકો, નાકા-આંખમાંથી પાણી ગાળામાં બળતરા આદિ શરૂ થઈ જાય છે. આ શરીરનો એલર્જીક રિસ્પોન્સ છે.

એલર્જી કોને થઇ શકે?

કોઈ પણ વ્યક્તિને કોઈ પણ સમયે એલર્જી થઈ શકે. એલર્જીના કોઈ ધારાધોરણો નથી. ૨૦ વર્ષની ઉમર સુધી કઈ જ ના હોય અને પછી અચાનક એલર્જી શરુ થાય એવું પણ બને. ક્યારેક અમુક સમયાંતરે વર્ષો જૂની એલર્જી એમ જ મટી જાય એમ પણ બને. એલર્જી થવા પાચાલાના મૂળ કારણો અને શા માટે એલર્જી અમુક લોકોને જ થાય છે અને અમુક ને નહિ તેના જવાબો હજુ વિજ્ઞાન પાસે નથી.

એલર્જી શા કારણે થાય છે?

વિજ્ઞાન આટલું જાણી શક્યું છે કે એલર્જી એ શરીરની ઈમ્યુનીટી સિસ્ટમમાં કૈક લોચા થવાને કારણે થાય છે. એલર્જી કરે તેવા પદાર્થોના સંપર્કમાં આવતા આ સીસ્ટમ સક્રિય થઇ જાય છે અને તે એલર્જી કરે તેવા પદાર્થોને મારવા એટેક કરે છે જેમાં આપણા શરીરના કોષોનું પણ આવી બને છે. ઈમ્યુનીટી આવી વિચિત્ર હરકત શું કામ કરે છે તે હજુ સુધી જાણી શકાયું નથી.

એલર્જી અને આયુર્વેદ

આયુર્વેદમાં ઈમ્યુનીટીને વ્યાધીક્ષમત્વ અથવા યુક્તીકૃત બળ તરીકે વર્ણવી છે. ઈમ્યુનીટી એ શરીરનું એવું બળ છે કે જેને યુક્તિ સ્વરૂપે, વિવિધ ઉપચાર સ્વરૂપે વધારી શકાય છે. આયુર્વેદ મુજબ જયારે આપણે આ યુક્તીકૃત બાળને યોગ્ય કરીએ તો કોઈ પણ પ્રકારની એલર્જી સામે રક્ષાન મળી શકે અને એલર્જી મટી શકે. આ બળ વધારવા માટેના અનેક ઔષધો પણ આયુર્વેદમાં વર્ણિત છે જેમકે

- ગળો
- આમળા
- જેઠીમધ
- કડુ-કરિયાતું
- ભોય આમળી
- લીમડો

આવા અનેકાનેક ઔષધોમાંથી વ્યક્તિની પ્રકૃતિને અનુકુળ આવે તેવા ઔષધો યોગ્ય માત્રામાં આપવામાં આવે તો ચોક્કસથી એલર્જી પૂર્ણપણે મટી શકે.

- contact@atharvaayu.com

હરિવર શીદને હરી ગયો, અમારા નિરંજન ભગતને?

મનના ઉમંગો
રણછોડ પરમાર

તારીખ પહેલી ફેબ્રુઆરીના રોજ '' હું તો બસ ફરવા આવ્યો છું' ગાનાર કવિશ્રી નિરંજન ભગત અવસાન પામ્યા તે ગુજરાતી સાહિત્ય જગતની આ વરસની મોટામાં મોટી દુખદ ઘટના કહેવાય.અમે આજ દિવસે બપોરબાદ નેપાળના પ્રવાસમાં જવા નીકળી ગયા હતા. રોજ ઘેર ફોન કરતા હતા પણ આ સમાચાર અમને કોણ આપે ? પ્રવાસ પૂરો કરી ઘેર પાછા ફર્યા ત્યારે ભગતસાહેબના અવસાનના સમાચાર જાણ્યા . જૂના છાપા ફંફોસ્યા ત્યારે ખબર પડી કે અરે, ભગતસાહેબ તો અમે જે દિવસે ઘેરથી નીકળ્યા હતા તે જ દિવસે મૃત્યુના પાશમાં બંધાઈ ગયા હતા. તેમણે તો પહેલેથી જ કહ્યું હતું કે, હે મૃત્યુ મારી પ્રેયસીના વેષમાં આવ, તો ધારું તનેયે એ જ આ આશ્લેષમાં.

સ્વશ્રી નિરંજનભાઈનો જન્મ ૧૮ મી મે ૧૯૨૬ ના રોજ થયો હતો. આમ ૯૨ વર્ષનું દીર્ઘ આયુષ્ય તેમણે માણ્યું છે.છેલ્લે અમે નગરકાવ્યો અંગેનું તેમનું વ્યાખ્યાન વિશ્વકોશના હૉલમાં સાંભળ્યું હતું. એ સમયે તેમણે આપેલ વિધ્વતાપૂર્ણ પ્રવચન સાંભળનારા કદી ભૂલી શકશે નહીં. છેક આદિકાળથી શરુ કરીને બોદલેરના નગરકાવ્યો સુધી તેમણે શબ્દયાત્રા કરાવી દીધી હતી.જીવનના છેલ્લા દિવસ સુધી તેઓ સાહિત્ય માટે કાર્યરત હતા, ગુજરાતી સાહિત્ય પરિષદનાની બેઠકમાં એકાએક હોશ ગુમાવતા તેમને દવાખાનામાં લઈ જવા પડ્યા હતા . આમ તેમની અંતિમ કામગીરી સાહિત્યની હતી અને મુલાકાત સાહિત્ય પરિષદની હતી.

તેમનો પ્રથમ કાવ્ય સંગ્રહ છંદોલય'' ૧૯૪૯ માં પ્રગટ થયો હતો. ફક્ત એક જ વર્ષમાં એટલે કે ૧૯૫૦ માં ''કિન્નરી'' કાવ્ય સંગ્રહ આપ્યો. ત્યારબાદ ''અલ્પવિરામ '' અને ''૩૩ કાવ્યો'' આવ્યા. પછી અચાનક કાવ્યો લખવાના બંધ કરી દીધા . જીવનના છેલ્લા દાયકાઓમાં જ્યારે ફરી કાવ્યધારા પ્રગટ થઈ તો ભાવકોને ન્યાલ કરી દીધા. જ્યારે કાવ્ય સર્જન અટકી ગયું હતું ત્યારે એમણે જે વ્યાખ્યોના આપેલા તે ગુજરાતી સાહિત્યને તેમણે કરેલું અમૂલ્ય પ્રદાન છે. ગુર્જરવાળાએ તે સ્વાધ્યાલોક નામે પ્રગટ કર્યા છે.

શ્રી ભગત સાહેબના કામથી જેઓ અજાણ્યા હોય તેવા સાહિત્યિક ભક્તજનો ફક્ત નામ સાંભઃઈ તેમની કવિતામાં આધ્યાત્મિકતા અથવા ભજન જેવી કવિતા શોધવા બેસે તો એમની મહેનત માથે માથે પડે આ ભગત તો શ્રી સુરેશ જોષી અને લાભશંકર ઠાકરની જમાતના છે. એમની કવિતામાં તમને ગેરુઓ રંગ શોધ્યો ના જડે ! એમણે તો કેટલા વરસો પહેલા નવા આંક લખ્યા હતા, તેની શરૂઆત કેવી હતી ?

એકડે એકો પરમેશ્વરને નામે પહેલો મેલો મોટો છેકો !

એકથી દશ આંકડા માટે તેમણે આવી ને આવી અદભુત પંક્તિઓ લખી છે. તેમની કવિતામાં તો કીડીને મણ અને હાથીને કણ આપવાની સાવ અવળી વાત કરવામાં આવી છે. છેલ્લે આપણા સહુની ચિંતા વ્યક્ત કરી છે કે શું દાનવ માનવથી કદીએ વશ થાય ? તમને થશે આવો માણસ હરિ વિષે શું લખે? લખી છે, એક બહુ સરસ કવિતા લખી છે, જે જાણીતી પણ ખુબ થઈ છે.

હરી ગયો

હરિવર મુજને હરી ગયો ! મેં તો વ્હાલ કીધુ ન્હોતું ને તો યે મુજને વરી ગયો !

અબુધ અંતરની હું નારી, હું શું જાણું પ્રીતિ ! હું શું જાણું કામણગારી મુજ હૈયે છે ગીતિ ! એ તો મુજ કંઠે બે કરથી વરમાળા રે ધરી ગયો !

સપનામાંયે જે ના દીઠું, એ જાગીને જોવું ! આ તે સુખ છે કે દુખ મીઠું ? રે હસવું કે રોવું ? ના સમજું તો યે સહેવાતું એવું કંઈ એ કરી ગયો! હરિવર મુજને હરી ગયો !

હરિને એ માનતા ન હતા છતાં હરિવર એમને હરી ગયા. હરણ કરી ગયા એમાં કોઈ નવાઈ નથી કારણકે ભગવાને તો કંઈ કેટલાયે હરણ કરેલાં છે. પણ ભગતજીની વાત જુદી છે. પેલી રુકમણી, રાધા અને અસંખ્ય ગોપીઓએ તો શ્રી કૃષ્ણને અપાર પ્રીત કરી હતી. તેમને ભગવાન હરે અને વરે એમાં કશું આશ્ચર્ય નથી. પણ આ ભગત તો કહે છે કે'' મેં તો વ્હાલ કીધુ ન્હોતું ને તો યે મુજને વરી ગયો !'' આવું તો સાલું નરસિંહ અને મીરાં કે એકેય ભગતકવિની વાણીમાં પ્રગટયું નથી.આવી જ એક બીજી સરસ કવિતા તેમણે લખી છે તે પણ ભેગાભેગી આપી જ દ ઉં . શું કહેવું છે તમારે?

પ્રિયતમ મારો પ્રેમપંથ પર ધીરે ધીરે ચાલે !

મુખ પર વિમલ શી કાંતિ, પણ ચરણ વિશે તો ક્લાંતિ; પ્રભુએ એનું હૃદય જલાવ્યું સતને અગ્નિજ્વાલે ! પ્રિયતમ મારો ધીર ધરીને પ્રેમપંથ પર ચાલે !

પ્રિયતમ મારો ધીરે ધીરે પ્રેમપંથ પર ચાલે ! એનાં અતલનયનમાં જંપ, પ્રભુએ એનું ચિત્ત ચગાવ્યું સ્વપ્રસૃષ્ટિના તાલે ! પ્રિયતમ મારો ધીર ધરીને પ્રેમપંથ પર ચાલે !

પ્રિયતમ મારો ધીર ધરીને પ્રેમપંથ પર ચાલે !

એની કઠોર તપની બાની, પણ સ્વરમાં કરુણા છાની; પ્રભુએ એનું વક્ષ વીંધાવ્યું પડઘા અનંત વિશાલે ! પ્રિયતમ મારો ધીર ધરીને પ્રેમપંથ પર ચાલે !

પ્રિયતમ મારો ધીરે ધીરે પ્રેમપંથ પર ચાલે ! એ તો કઠોર કલ્પિત કલાન્ત, પણ પ્રભુની સન્મુખ શાંત; પ્રભુની પ્રભુતા જાણી માણી મેં તો એના વ્હાલે ! પ્રિયતમ મારો પ્રેમપંથ પર ધીરે ધીરે ચાલે !

આ કાવ્ય વાંચવાની એક અનોખી મઝા છે. એની પહેલી પંક્તિ છે.'' પ્રિયતમ મારો ધીરે ધીરે પ્રેમપંથ પર ચાલે !'' પ્રથમ કડીના અંતે આ કથનમાં કવિ અજબનો પલટો લાવે છે . મૂળ શબ્દોમાં નજીવો ફેરફાર કરીને કહે છે, પ્રિયતમ મારો ધીર ધરીને પ્રેમપંથ પર ચાલે ! પાછા છેલ્લી કડી આવતાં ફરીથી અગાઉવાળી વાત કરી છે પ્રિયતમ મારો પ્રેમપંથ પર ધીરે ધીરે ચાલે ! હવે આમાં પ્રિતમ કોણ છે ? શું પ્રભુને જ પ્રિયતમ ગણ્યો છે ? એવું તો આ નાસ્તિક ગણાતા કવિ કરે ખરા ? વળી પ્રભુએ જ આ બધું કમઠાણ કર્યું હોય એવી વાતો દરેક કડીમાં કરે છે.પ્રથમ કડીમાં તેઓ કહે ક્છે કે ''પ્રભુએ એનું હૃદય જલાવ્યું સતને અગ્નિજ્વાલે !'' બીજી કડીમાં કહે છે કે '' પ્રભુએ એનું ચિત્ત ચગાવ્યું સ્વપ્રસૃષ્ટિના તાલે !'' ત્રીજી કડીમાં શું કહે છે ?''પ્રભુએ એનું વક્ષ વીંધાવ્યું પડઘા અનંત વિશાલે !'' અને છેલ્લી કડીમાં કહે છે કે ''પ્રભુની પ્રભુતા જાણી માણી મેં તો એના વ્હાલે !'' એટલે પ્રભુ અને પ્રિયતમ બંને અલગ હોય તેવું પહેલી નજરે લાગે છે પણ . આતો ભાઈ કવિઓના યે કવિ છે. ખરેખર તેઓ કયા પ્રિયતમની વાત કરતા હશે એજાણવું ઘણું દોહ્યલું છે.

કવિની ખરી ઓળખ તો એમના નગર કાવ્યો છે.તેના થોડાક ઉદાહરણ જોઈએ. વિગતે વાત કદાચ આવતા અંકે કરીશું.

મુંબઈ નગરી
ચલ મન મુંબઈ નગરી,
જોવા પુચ્છ વિનાની મગરી !

ફાઉંટનના બસસ્ટોપ પર
અહીં વહી રહી હવામહીં અનન્ય વાસ,
એક તો લઈ જુઓ જરીક શ્વાસ !

હો બી રોડ
હો બી રોંડ
આસફાલ્ટ રોંડ, સ્નિગ્ધ, સૌમ્ય ને સપાટ,
કૈં ન ખોડ.

વેકેશન એટલે નર્યો હાશકારો... બિન્ધાસ્તપણે મોકળામને મ્હાલવાનું...

લાગણીનો મેળો
રસિક વાળંદ

વલણ હું એકસરખું રાખું છું, આશા નિરાશામાં.
બરાબર ભાગ લઉં છું જિંદગીના સૌ તમાશામાં.
સદા જીવું છું એવું કૈં નથી, હારું હું બહુધા પણ,
નથી હું હારને પલટાવવા દેતો હતાશામાં

- અમૃત ઘાયલ

●●●

હા... શ !

પરીક્ષા પૂરી થઈ. બસ હવે છુ...ટ્ટા... ભણવાની લપ છુટી... બસ હવે મોજ મઝા...!

આજનું શિક્ષણ 'કેદ'નો પર્યાય બન્યો છે.

બાળખને ભણવું કે સ્કૂલે જવું ગમતું નથી... ભણવામાંથી છૂટકારો ઈચ્છે છે.

પરીક્ષા પત્યા પછી પરિણામની ચિંતા સતાવે... આ શિક્ષણથી સૌ વાજ આવી ગયા છે!!!

હવે વેકેશનનો માહોલ જામશે...

શહેરીજનો 'સમર કેમ્પ' માં બાળકોને જોતરવાના આયોજનમાં લાગશે. આપણા ગામડામાં તો નર્યો હાશકારો... સાવ નવરાધૂપ...

મિત્રો, પરીક્ષા આપી... હવે પરિણામની ચિંતા છોડો... પરિણામ જે આવે તે સારું આવે કે અનપેક્ષિત આવે... સહર્ષ સ્વીકારવાનું !

પરીક્ષાનું પરિણામ આપણા જીવનનું અંતિમ નથી. જિંદગીની સામે અનેકવિધ શક્યતાઓ ને અઢળક તકો તમારી રાહ જોઈને ઊભી છે. પરિણામ આવશે ત્યારે એની વાત... અત્યારે તો વેકેશન માણો - ને મનભર મ્હાલો... આખું વરસ અભ્યાસરત રહ્યા હવે વેકેશનરત રહો... હવે તમને રોકટોક વગરની અખંડ નવરાશ મળી છે... ફુરસદનો સદુપયોગ કરીએ.

દોસ્તો, અમે જયારે નાના હતા ત્યારે વેકેશન પડે કે મામા-માસીનું ઘર યાદ આવે... હઠ કરતા... ઘરેથી કોઈ મૂકવા ન આવે તો ખુદ મામા આવીને લઈ જાય આજના જેવી વાહન વ્યવસ્થા નહોતી ત્યારે મામા ગાડું જોડીને આવતા. એ જમાનામાં એવો એક પણ ભાણીયો નહીં હોય કે જે વેકેશનમાં મામાને ત્યાં જતો ન હોય. અને આજે...?

બધાં ભાણીયા મોસાળમાં ભેગા થાય. એક નવી જ તાકાત મળતી હોય એવો અહેસાસ થતો. થોડાક દિવસ મામાને ત્યાં પછી ત્યાંથી માસીને ઘેર... બધા સાથે હળવા મળવાનો ને મનભરી મોકળાશ માણવાની મજા જ મજા... વેકેશન જોત જોતામાં પૂરું થઈ જાય કંઈ ખબર જ ન પડે... એ જ રીતે ખબર ન પડતાં સહજ અને અમારું સામાજિકરણ પણ થતું. આજે શાળા નહીં તો સમક કલાસમાં બાળકને ધકેલો. આવાં સમજ વગરનાં જડ બંધનોથી બાળકની તર્કશક્તિ - મગજ ખીલે પરંતુ હૈયું ચીમળાય... ભાવનાત્મકતા ઘટે એ દેખાતું હોતું નથી.

વેકેશન એટલે નર્યો હાશકારો... કોઈની કચકચ નહીં... નિયમ, બંધનની જડતા નહીં... બિન્ધાસ્તપણે મોકળામને મ્હાલવાનું... પ...ણ... આધુનિક મા-બાપ બાળકને કુશ કરવા કયાંક ફરવા લઈ જશે. બાગ-બગીચા, ફિલ્મ થિયેટર કે પરવડે એવા પ્રવાસન સ્થળે લઈ જશે. પ...ણ... પોતાનાં સગાં-વ્હાલાંને ત્યાં જવાનું ટાળશે. પ્રાકૃતિક સ્થળો છોડી વૉટરપાર્ક વધુ ગમે... અરે ! નવાઈની વાત તો એ કે ફિલ્મી નટ-નટીઓને સારી રીતે ઓળખનારાં આ સંતાનો મમ્મી-પપ્પાના નિકટના સગાસંબંધીને ઓળખતા પણ નથી.

અમે જયારે નાના હતા ત્યારે 'મામાનું ઘર કેટલે.. દીવો બળે એટલે...' એ ધ્રુવ વાક્ય આજનાં બાળકોને સાંભળ્યું હશે કે બોલ્યું હશે ? એ એક આશ્ચર્ય છે.

આપણે એક એવી કોટડી સર્જી બેઠા છીએ કે બાળક બંધનમુક્ત થઈ શકતો નથી એકાકી ને એકલપેટા હોવું એ આજના સંતાનની આગવી ઓળખ છે.

આપણે એક એવી કોટડી સર્જી બેઠા છીએ કે બાળક બંધનમુક્ત થઈ શકતો નથી એકાકી ને એકલપેટા હોવું એ આજના સંતાનની આગવી ઓળખ છે.

મિત્રો, વેકેશનમાં 'સમર કલાસ' ના નામે ચાલતી વિવિધ પ્રવૃત્તિઓ તો એક માત્ર કમાણી કરવાના તુક્કા જ છે. આખરે તો બાળક એક કેદમાં છૂટી ને બીજી કેદમાં સપડાતો હોય છે. મા-બાપે પોતાના સંતાનના તન-મન ને રમ - રૂચિ વલણોને પિછાણી એના યોગ્ય વહેવારું પ્રવૃત્તિઓનું આયોજન કરવું જોઈએ. હું તો એવું સ્પષ્ટપણે માનું છું કે માનવી સામાજિક પ્રાણી છે. કુટુંબ પરિવાર - સમાજ સાથેનો નાતો જીવંત રહે એવા કેટલાક સામાજિકતાના પદાર્થ પાઠ મા-બાપે બાળકને ભણાવવા જોઈએ. બાળક પ્રતિભાસંપન્ન - બુદ્ધિશાળી બને એ જેટલું જરૂરી ગણાય એટલું જ ભાવનાશાળી બને એ પણ અતિઆવશ્યક છે - બુદ્ધિશાળી બને એ જેટલું જરૂરી ગણાય એટલું જ ભાવનાશાળી બને એ પણ અતિ આવશ્યક છે. માત્ર રૂપિયા ખર્ચી નાખ્યા... અદ્યતન સુવિધા - સવલતો આપીને છૂટી જવાનું નથી. મા-બાપનો હૂંફાળો સ્પર્શ નહીં હોય તો બાળકનો સાંવેગિક વિકાસ અટકી જશે. ભાવનાત્મકતા અને સામાજિકતા જ વ્યક્તિને સર્વપ્રિય બનાવી શકે. નરી તર્કશીલતા લુખ ને સુકા બનાવી દે. કેળવણી તો જીવનપર્યંત ચાલકી પ્રક્રિયા છે. બાળખને જીવન અને જગત પ્રત્યે સભાન બનાવીએ. જે મા-બાપ બાળકને પ્રભુના દૂત માનીને એમનું ઘડતર કરે છે એમના ઉપર પ્રભુ પ્રસન્ન થાય છે.

સ્પર્શમણિ :

હે પ્રભુ !

તેં આપેલી અસંખ્ય સોગાદોમાં સૌથી અમૂલ્ય છે અમારો પરિવાર.

અમને જનમ આપવા માટે તેં આ સુંદર પરિવાર પસંદ કર્યો. ત્યારે અમે જન્મ્યાં, પોંખાયા,પોષાયાં, જતનપૂર્વક જળવાયાં. માતાપિતાનો અનહદ પ્રેમ પામ્યા.

હે પ્રભુ !

એમનો પ્રેમાળ નાજુક સ્પ્રસ અને વહાલભર્યા આલિંગન અકબંધ રાખજે.

અમારામાં પ્રેમ, પ્રામાણિકતા, પરિશ્રમ અને જવાબદારીની ભાવના જગાડજે.

માતાપિતા, વડીલો અને ભાઈભાંડુ પ્રત્યેના પ્રેમ અને આદરનું ઝરણું કદી સૂકાય કે ક્ષીણના થાય તેવા આશીર્વાદ આપજે.

ઉન્નત મસ્તજે જીવી શકીએ એવા સંસ્કાર આપજે અને પરિવારનું નામ રોશન કરીએ એવું કાર્યક્ષેત્ર આપજે.

હે પ્રભુ !

અમારા સમગ્ર પરિવાર ઉપર તારી અમી દૃષ્ટિ રાખજે.

- rasikvaland1965@gmail.com